**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદિપ ચાવડા**

**તારીખ : 12-07-2024** **સમય : સવારે 6.50 વાગ્યે**

---

## P.M.- અંદાજપત્ર પહેલાં અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં નીતિ આયોગ ખાતે જાણીતા અર્થશાસ્ત્રીઓ સાથે કેન્દ્રીય બજેટ **2024-25** પહેલા તેમના મંતવ્યો અને સૂચનો જાણવા માટે વાર્તાલાપ કર્યો. નાણા મંત્રી નિર્મલા સીતારમણ, નીતિ આયોગના ઉપાધ્યક્ષ સુમન બેરી, પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ પી કે મિશ્રા અને અગ્રણી અર્થશાસ્ત્રીઓ અને નિષ્ણાતોએ **આ** બેઠકમાં હાજરી આપી હતી.

સંસદનું બજેટ સત્ર આ મહિનાની **22**મી તારીખે શરૂ થશે અને **23**મીએ નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં કેન્દ્રીય બજેટ **2024-25** રજૂ કરશે. નરેન્દ્ર મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં રજૂ કરવામાં આવેલું આ પ્રથમ બજેટ હશે. ગયા મહિને સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક દરમિયાન, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આ બજેટ સરકારની ભવિષ્ય માટે આશાવાદી અને

દૂરગામી નીતિઓ માટે અસરકારક પગલું હશે. તેમણે કહ્યું હતું કે આ બજેટમાં મોટા આર્થિક અને સામાજિક નિર્ણયોની સાથે ઘણા ઐતિહાસિક પગલાં પણ જોવા મળશે. લોકસભા ચૂંટણીને કારણે આ વર્ષે ફેબ્રુઆરીમાં વચગાળાનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------

## NEET-UG સુનાવણી મુલતવી

સર્વોચ્ચ અદાલતે **NEET UG 2024** કેસની સુનાવણી **18** જુલાઇ પર મુલતવી રાખી છે... સીબીઆઇએ આ મુદ્દે તેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાથી મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય ચંદ્રચૂડની બનેલી બેન્ચે સુનાવણી મોકૂફ રાખી હતી.

બેન્ચે જણાવ્યું હતું કે,કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય તપાસ સંસ્થા-**NTA**એ અદાલતનાં **8** જુલાઇનાં આદેશને અનુરુપ સોંગદનામા રજૂ કર્યા છે. જો કે કેટલાંક ફરિયાદીઓ વતી હાજર રહેલા વકીલોને એ સોગંદનામા હજુ મળ્યા નથી.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------

## સામાજિક વનીકરણની ચાર નવીન યોજનાઓ

રાજ્યને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે વનવિભાગ દ્વારા સામાજિક વનીકરણ'ની ચાર નવીન યોજનાઓનો રાજ્યભરમાં પ્રારંભ કરાયો. આ ચાર નવીન યોજનાઓમાં હરીત વન પથ વાવેતર, પંચરત્ન ગ્રામ વાટીકા વાવેતર, અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર અને નર્સરીમાં ટોલ સીડલીંગ તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

યોજનાના સફળ અમલીકરણ માટે વિવિધ લક્ષ્યાંક નક્કી કરાયા છે. જેમાં હરીત વન પથ વાવેતર મોડલ હેઠળ રાજ્યમાં ૭૦ હેક્ટર વિસ્તારમાં ટ્રી ગાર્ડ સાથે રોપાનું વાવેતર, પંચરત્ન ગ્રામ વાટીકા વાવેતર મોડલ હેઠળ રાજ્યમાં ૧ હજાર ગામડાંઓમાં ગામ દીઠ ૫૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર,અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર મોડલ હેઠળ રાજ્યના ૬૫ અમૃત સરોવર ફરતે અમૃત સરોવર દીઠ ૨૦૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવશે. આ નવીન અભિયાનમાં પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**RNU અમદાવાદ**

---

## ખેડૂતોએ દિવેલાની વાવણી સમયે ધ્યાનમાં રાખવાની બાબતો

વાવણી સમયે સાવચેતી રાખવાથી દિવેલાના પાકને રોગ, જીવાતથી બચાવી શકાય છે, જેથી કચ્છના ખેડૂતોને છાણિયા, સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવા અપીલ કરાઇ છે.

જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતું કે, ખેડૂતોએ દિવેલાની વાવણી સમયે છાણિયા, સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવો અથવા લીલો પડવાશ કરવો. દિવેલાના પાકમાં સુકારાના અસરકારક નિયંત્રણ માટે મકાઈ, જુવાર, બાજરી કે, ઘઉંની ફેરબદલી કરવી, દિવેલાના પાકમાં ઘોડિયા ઇયળ અને ડોડવા કોરી ખાનારી ઇયળનો ઉપદ્રવ કાબૂમાં રાખવાં કઠોળ વર્ગના પાકોને આંતરપાક તરીકે લેવા જોઇએ. સુકારાના રોગ સામે પ્રતિકારક સંકર જાતો જીસીએચ-**7**, જીસીએચ-**8**, જીસીએચ-**9** અને જીસીએચ-**10**ની વાવણી માટે પસંદગી કરવી જોઇએ. મૂળના કોહવારા રોગ સામે પ્રતિકારક જાતો જીસીએચ-**2** અથવા જીસીએચ-**6**ની વાવણી કરવી જોઇએ. દિવેલાને ઘોડિયા ઇયળના ઉપદ્રવથી બચાવવા અને તેના રાસાયણિક નિયંત્રણ પાછળનો ખર્ચ બચાવવા માટે દિવેલાનું વાવેતર **15** ઓગસ્ટની આસપાસ કરવું જોઇએ.

**N.P.** કલ્પના શાહ

------------------------------------------------------------------------

## દિનદયાલ બંદર ઓથોરિટી દ્વારા નિતિ વિષયક નિર્ણય

દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા મહત્વપુર્ણ એવો નીતિ વિષયક નિર્ણય લેવાયો છે, જે અનુસાર કંડલા પોર્ટમાં લાંગરેલ દરેક જહાજને નિયમોથી વધુ સમય લાગી જશે તો પ્રતિ દિવસ ચાર્જ વસુલાતો હતો, તેમાં ફેરબદલ કરીને હવે તેને પ્રતિકલાક કરવાનો

નિર્ણય લેવાયો છે. બંદર ઉપભોક્તાઓ માટે આ મહત્વપુર્ણ નિર્ણય મનાઈ રહ્યો છે.

**N.P. કલ્પના શાહ**

------------------------------------------------------------------------

## કર્મચારી ભવિષ્ય નિધિ ડિપોઝિટમાં વ્યાજમાં વધારાને મંજૂરી

અંદાજપત્ર પહેલાં એક મોટી જાહેરાત અંતર્ગત કેન્દ્રીય નાણા મંત્રાલયે કર્મચારી ભવિષ્યનિધિ ડિપોઝિટ માટે વ્યાજમાં વધારાને મંજૂરી આપી દેવાનો નિર્ણય કર્યો છે. ચાલુ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં ઇપીએફઓએ નાણાકીય વર્ષ **2023-24** માટે વ્યાજદર **8.15** ટકાથી વધારીને **8.25** ટકા કરવાની જાહેરાત કરી હતી. જેને નાણામંત્રાલય દ્વારા મંજૂરી મળી છે.

**N.P. કલ્પના શાહ**

------------------------------------------------------------------------